ગાંધીનગર સમાચાર

જિલ્લાના ૨૩ આરોગ્ય સંકુલોના નવિનીકરણ માટે ૧૫ કરોડ મંજૂર




**ટ્રીન-ટ્રીન... ગ્રીન-ગ્રીન...** - ગુડા દ્વારા શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટ અમલી બનાવવા મોટાભાગની તૈયારીઓ કરી દેવામા આવી છે. જયારે સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી સેકટરોમાં સ્ટેન્ડ પણ મુકી દેવાયા છે. ટુંક સમયમાં જ સાઈકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરી દેવાશે. ત્યારે સાઈકલના સ્ટેન્ડમાં નવી સાઈકલો દેખાતા સાઈકલ પ્રોજેકટને લઇ નગરજનોની ઉત્સુકતા વધી ગઈ છે.

# શહેરના એસ.ટી.ડેપોમાં એ.ટી.એમ. સેન્ટર શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૦

શહેરના એસ ટી ડેપોમાં એ ટી એમ મશીન મુકવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે એસ ટી તંત્ર દ્વારા આ મામલે જગ્યા ફાળવવા મંજુરી આપી દેવામાં આવી છે. જયારે એસ બી આઈ બેંક દ્વારા સ્થળ નિરિક્ષણ કરી આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ એસ ટી ડેપોમાં મુસાફરોની સરળતા માટે એ ટી એમ સેન્ટર શરૂ કરી દેવામાં આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં રોજબરોજ હજારો મુસાફરોની અવરજવર જોવા મળે છે. ત્યારે એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. અલબત્ત ડેપોમાં તબક્કાવાર જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાનુ હજુ પણ ઠેકાણુ પડયુ નથી

## બેંક કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ મુસાફરોને એ.ટી.એમ.ની સુવિધા ઉપલબ્ધ થશે

પરંતુ ટુંકમાં જ ડેપો સંકુલમાં એ ટી એમ સેન્ટર શરૂ કરી દેવાશે. એસ બી આઈ બેંક દ્વારા ડેપો સંકુલમાં એ ટી એમ શરૂ કરવા માટે તૈયારી દર્શાવી છે. જયારે બેંકના અધિકારીઓ દ્વારા ડેપોનો રાઉન્ડ લઈ જરૂરી અભ્યાસ પણ કરી દેવામાં આવ્યો છે. ત્યારે એસ ટી નિગમ દ્વારા ડેપો સંકુલમાં એટી એમ મશીન માટે જગ્યા પણ ફાળવી દેવા મંજુરી આપી દેવામાં આવી છે. ત્યારે બેંક કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે નિર્ણય લેવામાં આવશે. નગરના એસ ટી ડેપોમાં રોજબરોજ વિદ્યાર્થીઓ ઉપરાંત નોકરીયાત વર્ગ તેમજ અન્ય અપડાઉન કર્તાઓ પણ મોટી સંખ્યામાં અવર જવર કરે છે. ત્યારે એ ટી એમ સેન્ટર શરૂ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જો કે ડેપોના મુલાકાતીઓને ટુંકમાં એ ટી એમની સુવિધા મળી રહેશે તેમ પણ જણાંવાયુ છે.

# જિલ્લા પંચાયતમાં કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની ૧૮મીએ વરણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી રચાયેલ સમિતિઓની પ્રથમ બેઠકો તબક્કાવાર યોજવામાં આવશે.

## પંચાયતની સમિતિઓના ચેરમેનોની નિયુક્તી તબક્કાવાર બેઠકો યોજી કરાશે

પ્રથમ તબક્કામાં આગામી ૧૮મી ફેબ્રુઆરીના રોજ કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની પ્રથમ બેઠક મળશે. જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કારોબારી સમિતિની પ્રથમ બેઠક ૧૮મીએ બપોરે ૩ વાગે જિલ્લા પંચાયત ખાતે મળશે જેમાં નવા ચેરમેનની નિયુક્તી હાથ ધરવામાં આવશે.

આ પછી બપોરે ૪ વાગે સામાજિક ન્યાય સમિતિની બેઠક મળશે જેમાં પણ ચેરમેનની નિયુક્તી અંગેની કામગીરી હાથ પર લેવામાં આવશે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ ફેબ્રુઆરીના અંત સુધીમાં તમામ સમિતિઓની પ્રથમ બેઠક સંપન્ન કરી લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરના સંચાલન માટે સમિતિની રચના કરાશે

ગાંધીનગર તા૧૦

મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્કના પ્રોજેકટના સંચાલન માટે સરકાર દ્વારા ટુંકમાં કમિટિની રચના કરવામાં આવશે. સ્વર્ણિમ પાર્ક તેમજ મહાત્મા મંદિરના જાળવણીનુ કામ ખાનગી એજન્સીને સોંપવામાં આવ્યુ છે. જયારે મહાત્મા મંદિરના સંચાલનની જવાબદારી માટે પણ ચીફ સેક્રેટરી કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ કમિટીને જવાબદારી સોંપી દેવાશે.

## મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્કના પ્રોજેકટનુ કામ પુર્ણતાના આરે હોવાથી સંચાલનની જવાબદારી કમિટીને સોંપવા વિચારણા

ગાંધીનગરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલ મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીરને જોડતા નમુનારૂપ કેબલ સ્ટેડ બ્રીજનુ કામ પ્રગતિ હોઠળ છે. મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્કનુ મોટાભાગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે આ મામલે જાળવણીનુ કામ પણ ચાર વર્ષ માટે ખાનગી એજન્સીને કોન્ટ્રાકટ પધ્ધિતથી આપી દેવામાં આવ્યુ છે.જેની જાળવણી પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ નિયત કરવામાં આવ્યો છે. ત્યારે આ પ્રાજેકટનુ કામ સદંતર પુર્ણતાના આરે હોવાથી મહાત્મા મંદિર તેમજ પાર્કના સંચાલન માટેની જવાબદારી નિયત કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અગાઉ આ મામલે મુખ્યમંત્રી તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના અધિકારીઓ સાથે જરૂરી બેઠક પણ યોજવામાં આવી હતી. જો કે આગામી દિવસોમાં ચીફ સેક્રેટરી કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ મહાત્મા મંદિરના સંચાલન માટે કમિટીની રચના કરવામાં આવશે.

# મનપા દ્વારા મલ્ટી સ્ટોરેજ પાર્કિંગ માટે સ્થળ પસંદગીની કવાયત આરંભાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા મલ્ટી સ્ટોરેજ પાર્કિંગ બનાવવા માટેના સ્થળની પસંદગી અંગેની કવાયત તેજ કરી છે. મોટાભાગે આ માટે સેક્ટર-૨૧ પર પસંદગી ઉતારવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મલ્ટી સ્ટોરેજ પાર્કિંગ બનાવવાની દરખાસ્ત સ્થાયી સમિતિએ તાજેતરમાં જ મંજૂર કરી અને સરકારમાં મોકલી હતી જેનો સરકાર દ્વારા પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. હવે આ માટેની જમીનની દરખાસ્ત તાત્કાલિક તૈયાર કરી મોકલી આપવાના સંકેતો શહેરી વિકાસ વિભાગ તરફથી મળતાં જ મનપાનું તંત્ર દોડતું થઈ ગયું છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સે. ૨૧માં

● અનુસંધાન પાન-૭ પર



**સોની બજાર સજ્જડ બંધ** - બે લાખથી વધુ ખરીદી માટે પાન કાર્ડ ફરજીયાત લાવવાની જોગવાઈ સામે દેશભરમાં સોના-ચાંદીના વેપારીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે... સમગ્ર દેશમાં સોના-ચાંદીની તમામ દુકાનો અને શૉ-રૂમમાં આજે બંધ પળાયો હતો... ગાંધીનગરના વેપારીઓએ પણ જડબેસલાક બંધ રાખી વિરોધમાં પોતાનો સૂર પુરાવ્યો હતો... સોના-ચાંદી વેપારીઓ એસોસીએશનની માંગ છે કે, કન્સ્ટ્રક્શનની જેમ અમને પણ પાંચ લાખ સુધી પાન ફરજીયાત ના હોવું જોઈએ.... (તસવીર : દિપક જાની)

**Gandhinagar Dist. Co-op. Milk Producers' Union Ltd.,**
Madhur Dairy, Sector 25, 'K' Road, GIDC
Electronic Estate, Gandhinagar-382023
Phone:232 87134 to 38, Fax : 23287140

**REQUIRED I.S.O. CONSULTANT ON RETAINER SHIP**

Offers are invited from the I.S.O. Consultant for 3 year period.

**Professional qualification & Experience.**

(i) M.sc.(F.S.& T.) or M.Tech(D.T.)
(ii) Lead auditor for ISO 9001-2000, 9001-2008,9001-2015.
(iii) Lead Auditor for FSMS/ISO-22000/HACCP, And experience of minimum 3 years, as a Lead Auditor in Dist. co-operative Dairies.
(iv) Experience of OHSAS, Third Party audit work and as a Trainer is preferable. Age limit not more then 40 years.

Interested person have to send their offer (including all applicable taxes), with all supporting documents of experience and qualifications, in sealed cover, should be reached latest by 18-02-2016 during office hours. The right is reserved to Managing Director to accept, reject or cancel the tender/offer/Advt.

**Managing Director.**




સિયાચીન ગ્લેશિયરમાં બરફમાં દટાઈ ગયા બાદ જીવિત નિકળેલા લાન્સ નાયક હનુમંત થાપા માટે પ્રાર્થના સભાનો દોર દરેક જગ્યાએ ચાલ્યો હતો. શહેરમાં ઠેર-ઠેર હવન અને પ્રાર્થનાઓ કરાઈ હતી.

# જિલ્લાના ૨૩ આરોગ્ય સંકુલોના નવિનીકરણ માટે ૧૫ કરોડ મંજૂર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ૨૩ જેટલા આરોગ્ય સેવા સંકુલોના નાવિન્યકરણ માટે સરકારે રૂ. ૧૫ કરોડ જેટલી જંગી રકમ મંજૂર કરી અને પીઆઈયુ હસ્તક મુકી છે.

ગાંધીનગર જિલ્લાના બે સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૬ પ્રા.આ. કેન્દ્રો અને ૧૫ આરોગ્ય કેન્દ્રોના નાવિન્યકરણની દરખાસ્તને મંજૂરી આપી છે. જેને પગલે આ જૂના અને જર્જરિત સંકુલો તોડી નવા બનાવવાની કામગીરી માટેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ અને ડીંગુચા સામુહિક આરોગ્ય કેન્દ્રો ૩.૩ કરોડના ખર્ચેઅદ્યતન બનાવવામાં આવશે. કલોલ નગરપાલિકાએ તાજેતરમાંજ આરોગ્ય કેન્દ્રોનો વહીવટ સરકાર હસ્તક પરત સોંપેલ છે તે ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત મોખાસણ, ઉનાવા, રાંચરડા, પાલુન્દ્રા, બહિયલ અને વડસરના પ્રા.આ. કેન્દ્રો જે જુના થયા છે અને મરામત જાળવણીનો ખર્ચ વધુ થાય તેમ હોવાથી તેમને તોડી પાડી રૂ. ૬૫.૬૫ લાખના ખર્ચે નવા બનાવવામાં આવશે.

આ ઉપરાંત આરોગ્ય કેન્દ્રો પણ રૂ. ૨૬ લાખના ખર્ચેએક બનાવવામાં આવશે. ૧૫ આરોગ્ય કેન્દ્રો જુના અને જર્જરિત બન્યા છે તેમાં લવારપુર, લિંબોદ્રા, અલુવા, સમૌ, બિલેશ્વરપુરા, કરોલી, વાસણાચૌધરી, લોદરા, ઉનાવા, ડભોડા, અડાલજ, સુઘડ, આદરજમોટી, કોલવડા અને ઉવારસદ-૧ કેન્દ્રનો સમાવેશ થાય છે.

પી.આઈ.યુ. અને જિલ્લા આરોગ્ય તંત્રે આ અંગે સાથે મળી અભ્યાસ કરી અહાવેલ તૈયાર કર્યો હતો. આ પછી તત્કાલ જિલ્લા પ્રમુખ શ્રીમતિ હીના પટેલની અધ્યક્ષતામાં મળેલ સામાન્ય સભામાં આ દરખાસ્ત સરકારને મોકલવામાં આવી હતી. જેનો સ્વીકાર થયો છે અને હવે આ કામગીરી ૨૦૧૭ના અંત સુધીમાં પૂર્ણ કરી દેવાશે.

**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ**

**સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર**

**જાહેર નિવિદા ૨૦૧૬-૧૭**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યના જિલ્લાઓ ખાતે વિવિધ યોજનાઓ અંતર્ગત ખેલાડીઓને ભોજન પુરું પાડવા માટે ઈ-ટેન્ડરીંગ માધ્યમથી ભાવો મંગાવવાના થાય છે. જે અંગે નીચે પ્રમાણે ઝોન વાઈઝ ટેન્ડર ભરવાના રહેશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ઝોન-૧ | અમદાવાદ, ગાંધીનગર |
| ઝોન-૨ | મહેસાણા, પાટણ, હિંમતનગર, મોડાસા, પાલનપુર |
| ઝોન-૩ | વડોદરા, છોટા ઉદેપુર, રાજપીપળા |
| ઝોન-૪ | ગોધરા, દેવગઢ બારીયા |
| ઝોન-૫ | ભાવનગર, અમરેલી, બોટાદ |
| ઝોન-૬ | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, લીંબડી |
| ઝોન-૭ | કચ્છ, મોરબી |
| ઝોન-૮ | પોરબંદર, જુનાગઢ |
| ઝોન-૯ | સુરત નવસારી |
| ઝોન-૧૦ | સાપુતારા, વલસાડ, તાપી |

રસ ધરાવતી એજન્સીઓએ વધુ વિગત માટે અરજીપત્રકો વેબસાઈટ www.nprocure.com દ્વારા ઓનલાઈન ભરવાના રહેશે. ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૨૯/૨/૨૦૧૬ છે.

ઓનલાઈન ટેન્ડર ભરવા માટે સંપર્ક કરો (n) Code Solution, Ahmedabad-54 ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૪૪ અને ૦૭૯-૨૬૮૭૩૧૨/૧૩

સ્થળ : સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
બ્લોક નં. ૧૪/૩ જો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર

સહી/-
વહીવટી અધિકારી
સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

# ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ આપવા માટેની માંગણી કરાઈ

અમદાવાદ, તા.૧૦

ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ આપવા માટે કિસાન સંઘ દ્વારા હવે જોરદાર રજૂઆત કરવામાં આવી છે. સાથે સાથે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ભારતીય કિસાન સંઘ દ્વારા સમગ્ર ગુજરાતમાં ખેત પેદાશો જેવી કે ઘઉં, બટાકા, રાઈ, ચણા, દિવેલ વગેરેના પોષણક્ષમ ભાવો મળવા અંગે તેની ખરીદીનું તંત્ર ગોઠવાય તેવી માંગ સહિત કિસાનોમાં સાર્વત્રિક સમસ્યાઓ અને જે તે જિલ્લાના સ્થાનિક પ્રશ્નોને લઈને સોમવારથી રાજયભરમાં તમામ જિલ્લા કલેક્ટરોને આવેદનપત્રો આપવાના કાર્યક્રમો ચાલી રહ્યા છે. જેમાં વર્તમાન પ્રશ્નોની સાથે હાલ એનસીડીઈએકસમાંથી વાયદાના વેપારને રદ કરતાં ઉભી થયેલી દિવેલાના ભાવોની મંદી અંગે સંઘ દ્વારા કેન્દ્રના કૃષિ રાજય મંત્રી મોહનભાઈ કુંડારીયાને રૂબરૂ

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com